વર્ષ : ૩ અંક : ૪ માર્ચ–૨૦૨૧

Dist. Insti. of Edu. & Training Surendranagar

# પલાશ



## આઝાદીનો અમૃત મહોત્સવ



શ્રી ઝવેરચંદ મેઘાણી

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**

સુરેન્દ્રનગર

# તસવીરો...















વર્ષ : ૩

# પલાશ

અંક : ૪


અધ્યક્ષ : ડૉ. સી. ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર ડી. પિતલિયા

## સલાહકાર સમિતિ

શ્રી વિમલભાઇ યુ. દંગી
ડૉ. મનીષભાઇ એન. પંડ્યા
શ્રી જયેન્દ્રભાઇ જે. જોશી
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
શ્રી પીયૂષભાઇ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઇ કે. ગોસાઇ

## સંપાદક મંડળ

શ્રી ચંદ્રકાન્તભાઇ વ્યાસ
ડૉ. કેતનભાઇ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઇ વાઘેલા
શ્રી હિતેશભાઇ ઠાકર
શ્રી જાતુશભાઇ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
શ્રી નીતિનભાઇ પંચાલ
શ્રી ધનજીભાઇ વાલેરા
શ્રી મુકેશભાઇ બદ્રેશિયા


## પલાશત્વ

### શ્રદ્ધાંજલિ...

સમગ્ર વિશ્વમાં કોરોનાની વૈશ્વિક મહામારી છેલ્લા સવા વર્ષથી ચાલી રહી છે. જેમાં સમગ્ર વિશ્વમાં લાખો લોકોએ દુનિયા છોડી દીધી છે. જેમાં કેળવણીના સ્તંભ સમાન ગુરૂજનો પણ દિવંગત થયાં છે.

દિવંગત થયેલી સારસ્વત ચેતનાઓને પરમતત્વ પરમ વિશ્રામ આપે. જેમને પોતાના સ્વજનો ગુમાવ્યાં છે તેમને પરમાત્મા દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરીએ છીએ.

હે ઇશ્વર, સમગ્ર વિશ્વ કોરોનાની મહામારીમાંથી મુક્ત બને તે માટે અમોને તમારા આશીર્વાદ આપો.

ૐ સર્વે ભવન્તુ સુખિનઃ,
સર્વે સન્તુ નિરામયાઃ ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ ,
મા કશ્ચિદ્ દુઃખ ભાગ્ભવેત્ ॥
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...


: પત્રવ્યવહાર – સંપર્ક :
ફોન નં. (૦૨૭૫૨) : ૨૨૩ ૧૭૦
મોબાઇલ નં. : ૭૫૬૭૮ ૬૫૪૬૭
ઇ-મેઇલ : palash.dietsnr@gmail.com
બ્લોગ : dietsurendranagar.blogspot.com
વેબસાઇટ : www.dietsnr.org

શ્રી ઝવેરચંદ મેઘાણી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરૂકૂળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | શિક્ષણની ગુણવત્તાનો નિષ્કર્ષ : સ્વાયત્ત અધ્યેતા | ૩ |
| ૨ | આ ભી જા, આ ભી જા, એ સુબાહ આભી જા... | ૮ |
| ૩ | જીલ્લાના સકસેસ સ્ટોરીઝ ઓફ ધ સ્કૂલ્સની યાદી | ૧૦ |
| ૪ | સરોડી પ્રાથમિક શાળા, તા.થાનગઢ | ૧૧ |
| ૫ | પુસ્તક પરિચય : વાર્તાનું શાસ્ત્ર | ૧૫ |


## : લેખકો માટે :

- પલાશ માટેના લેખ શ્રુતિ ફોન્ટ, સાઇઝ ૧૨ મા કમ્પ્યુટરરાઇઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ–મેઇલ એડ્રેસ : palash.dietsnr@gmail.com પર મોકલવા અને ભાવ–પ્રતિભાવો પણ ઉપરના ઇ–મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોશ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઇએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહીં.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. તે અંગેનો વિશેષ પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે – તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતા વિચાર – વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહિં.

## શિક્ષણની ગુણવત્તાનો નિષ્કર્ષ : સ્વાયત્ત અધ્યેતા

**- મહેન્દ્ર ચોટલિયા**

સ્વાયત્તતા (autonomy) એ કોઈપણ વિકસિત કે સજ્જ સજીવનો એક અનિવાર્ય ગુણધર્મ છે. જાતે શિકાર કરતા બચોળિયાને જોઈને બિલ્લીમાને જેવી ખુશી મળે તેવીજ ખુશી પોતાના સંતાનને સાઈકલ ચલાવવાનું શીખવતા પપ્પા સાઈકલનું કેરિયર છોડી દે અને એનો પિંકુ કે પિંકી ડગમગ–ડગમગ જાતે આગળ વધે ત્યારે એ માનવબાપને થતી હોય છે. અપને પૈરોં પે ખડે હો જાના– નું મહત્ત્વ આપણે સૌ સમજીએ છીએ. પરંતુ આપણાં બાળકો અભ્યાસમાં પણ સ્વ–ચાલિત અધ્યેતા બને તે માટે આપણે ચિંતન કરતાં નથી. આજનો વાલી સમાજ તો એમ જ માને છે નિશાળ અને શિક્ષકોનું મુખ્ય (અને હવે કદાચ એકમાત્ર) કામ આપણાં બાળકોને દરેક વિષયમાં ૯૦+ ગુણ લાવતાં કરી દેવાનું છે ! વેદના તો એ બાબતની છે કે શાળાસંચાલકો અને શિક્ષકો પણ વાલીઓની ડફલીના તાલે એવા જ ઠેકા લેવા માંડ્યા છે !!

આવો, સાથે મળીને થોડું વિચાર–વલોણું ચલાવીએ. અહીં હું દસ મુદ્દા નોંધું છું. તે દરેક વિશે થોડો વિચાર કરીને તમારે બે પ્રતિભાવો આપવાના છે. જો તમે સંમત થતા હો તો 'હા' અને અસંમત થતા હો તો 'ના' લખો. સાથોસાથ એ પણ ધારણા કરો કે શાળાના શિક્ષકો કે સંચાલકો પણ એકંદરે શું માનતા હશે? તેઓનો ધારણાત્મક પ્રતિભાવ દર્શાવવા તમારી હા/ના ની બાજુમાં Yes/No લખી દો. રેડી, સેટ, ગો :

૧. વિદ્યાર્થીઓ અધ્યયન કરશે તેવો ભરોસો રાખી શકાય નહીં.

૨. શિક્ષક જે શીખવે છે તે જ વિદ્યાર્થી શીખે છે.

૩. જ્ઞાન એટલે વિષય અંગેની માહિતીનું એકત્રીકરણ.

૪. મૂલ્યાંકન એટલે શિક્ષણ અને શિક્ષણ એટલે મૂલ્યાંકન.

૫. નિષ્ક્રિય અધ્યેતામાંથી સર્જનશીલ વ્યક્તિ બની શકે છે.

૬. વિદ્યાર્થીઓની શક્તિઓનો અંદાજ કાઢવા માટે તથા આગળના અભ્યાસ અને કારકિર્દી માટે વિદ્યાર્થીઓની પસંદગી કરવાનો ઉત્તમ માપદંડ પરીક્ષામાં મેળવેલા ગુણ છે.

૭. ઉત્તમ કોટિની શિક્ષિત વ્યક્તિઓ તૈયાર કરવાનો ઉત્તમ માર્ગ એ છે કે નિમ્ન સિદ્ધિવાળા વિદ્યાર્થીઓને શાળામાંથી બહાર ફેંકી દેવા.

૮. ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા અને શાળામાં ભણાવવામાં આવતા અન્ય વિષયોનાં સત્ય પાઠ્યપુસ્તકમાં આપેલાં જ છે.

૯. વધુ વળતર આપનાર કામ/ધંધો/વ્યવસાય મેળવવા માટે જે શીખવું પડે તે 'કેવી રીતે શીખવુ' કરતાં વધુ મહત્ત્વનું છે.

૧૦. વિદ્યાર્થીઓ નિયમન કે નિયંત્રણ કરવાની વસ્તુ છે; તેઓ વ્યક્તિ નથી.

મજા આવી વિચારવાની ? મારો અંદાજ એવો છે કે તમારા પ્રતિભાવોમાં 'ના'ની સંખ્યા શિક્ષકોના 'yes' ની સંખ્યા કરતાં વધારે હશે. અને જો એમ હોય તો હવે વાલી કે 'સમજદાર' વ્યક્તિ તરીકે શાળાઓ અને શિક્ષકો પર હલ્લાબોલ કરશો? કે મૂંગી કીડીની જેમ અથવા સીએનજી રિક્ષા પેઠે ધૂમાડાહીન બળતરા કરતા રહેશો?

વિમર્શ કરવા માટે સશક્ત વાચકગણ પોતાને અનુકુળ હોય એટલા નંબરના ચશ્મા પહેરીને સાફ-સૂથરું વિચારશે તો સમજાશે કે : માહિતી એ જ્ઞાન નથી. તદ્દન નજીવી કિંમતે ગૂગલગામી એલેક્સા આપણને અને આપણાં છૈયાં છોકરાંઓને નિમિષ માત્રમાં માહિતીના થાળ પીરસી દે છે પણ એનાથી કંઇ વળે નહીં. એ માહિતીની ઉપર જરૂરિયાત અનુસાર, પરિસ્થિતિગત વાસ્તવિકતા અંતર્ગત પ્રક્રિયા કરતાં આવડે તો જ એમાંથી 'જ્ઞાન'નું સર્જન થાય. આવું જેને આવડતું હોય તેને જ મોટી બ્રેડ અને સંપોષક બટર મળે. બાકી એલેક્સાના પડછાયા પૂજનારને મળે માત્ર રોજીરોટી. પરિસ્થિતિને અનેક સંદર્ભોમાં સમજવી, તેમાં કારગર બને તેવા વિકલ્પો શોધવા અને પછી તેમાંથી સૌથી અસરકારક વિકલ્પ પસંદ કરીને તેને અમલમાં મૂકવો. એટલી પ્રક્રિયા તો વ્યક્તિએ પોતે જ કરવી પડે. એલેક્સા તો ટહુકો કરીને જતી રહે ! જે વ્યક્તિ ખૂબ સારી રીતે પ્રક્રિયા કરી શકે, વધુમાં વધુ વિકલ્પો વિચારી કે સર્જી શકે ને તેમાંથી 'હાલમાં' ઉત્તમ ક્યો તે નક્કી કરી શકે તેને માટે જગતભરના ધંધા-વ્યવસાયો હાથવગા છે. એટલું જ નહીં પોતાના જીવનમાં ઊભી થતી પરિસ્થિતિઓને સમસ્યાઓને પણ એ મહાત કરી શકશે. માત્ર પુસ્તકો વાંચવાથી, સફળતાના સિદ્ધાંતો ગોખી નાખવાથી કે સેંકડો રિસર્ચ પેપર વાંચી નાખવાથી સમજણ કે જ્ઞાન ન મળે; મળે કેવળ માહિતી. તદ્દન મફતના ભાવમાં મળતી માહિતી!

થોડો ઓર વિમર્શ કરીશું તો દેખાશે કે જે કામ કે પ્રક્રિયા અગાઉથી નિશ્ચિત કરેલા ક્રમ કે SOP અનુસાર થતી હોય તે પ્રોગ્રામેબલ કહેવાય. આર્ટિફિશિયલ

ઇન્ટેલીજન્સ તેનો પ્રોગ્રામ બનાવી શકે અને રન પણ કરી દે. સરસ મજાની આગાહી એવી છે કે આવનારા પાંચ વર્ષમાં રોબોટ પાંચ કરોડ જેટલી નોકરીઓ છીનવી લેશે. અને ઇ.સ. ૨૧૫૦ સુધીમાં, વિજ્ઞાનીઓ અને તંત્રજ્ઞો એવી આશા સેવે છે કે, એકંદરે સારી રીતે જીવવા પૂરતું કમાવા માટે વ્યક્તિએ અઠવાડિયામાં પાંચ કલાકથી વધુ કામ કરવું નહીં પડે. ને એટલું કામ પણ મળવું દોહ્યલું હશે. માત્ર વિચારશીલ, સર્જનશીલ, પ્રયોગશીલ અને ભાવનાશીલ લોકો જ ‘કામમાં આવશે.’. મોટાભાગની સેવાઓ APP દ્વારા મળશે, ને ખાવાપીવા માટે સૂર્યશક્તિથી ખોરાક બનાવી લેનાર મુક્ત greenman રીતે ફરી શકાશે.

આટલી દૂરની (unforetable future) વાત જવા દઈએ તો પણ એટલું તો નક્કી છે કે જ્ઞાનની એટલા મોટા પાયા પર જરૂર પડશે કે તેટલું જ્ઞાન બનાવવા માટે આજના વિદ્યાર્થીઓએ સ્વયં processor/પ્રક્રિયક બનવું પડશે. શાંતપૂર્ણ, પ્રસન્ન જીવન જીવવા માટે નિર્ણયો લેતા અને આવેગો પર કાબુ મેળવવાનું શીખી લેવું પડશે, ને એમાં ‘માહિતીનું કેવળ એકત્રીકરણ’ નકામું બની જશે. વિશ્વભરના બધા જ વિષયોની રજેરજ માહિતી આઇ–ક્લાઉડ પરથી સૌને લગભગ મફતમાં મળવા લાગશે. નજીકના જ ભવિષ્યમાં!

વારુ, સ્વ–ચાલિત અધ્યેતા બનવું એટલે પોતાની પરિસ્થિતિને સમજવાની, તેના પર વિવેચનાત્મક ચિંતન કરી, સમસ્યા ઉકેલ માટેના અઢળક વિકલ્પો શોધીને તેમાંથી એકને પસંદ કરી જીવન જીવતાં જવું–શીખતાં રહેવું. એ માટે વિદ્યાર્થીનું મગજ ‘ચરૈવેતિ ચરૈવેતિ’ કરતું ફરતું રહેવું જોઇએ. રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦ પણ ગોખવા, યાદ રાખવાની જરૂર ન પડે તેવી પરીક્ષા, સર્જનાત્મક વિચારણા, સાંસ્કૃતિક ડહાપણ, સંબંધ સ્થાપન અને જાળવણીની આવડત તથા આજીવિકા ઉપાર્જન માટે નવાં કામધંધા શોધી કાઢવાની તરફેણ કરી રહી છે.

તો હવે સૌના વિવેકપૂર્ણ અને વિશદ વિમર્શ માટે પ્રસ્તુત છે.

સ્વાયત્ત અધ્યેતા–નિર્માણ માટે નૂતન વિચારયંત્ર (paradigm) ‘શીખવાની જવાબદારી વિદ્યાર્થીની છે. વિદ્યાર્થીના જ્ઞાનની સંરચના હું ન કરી શકું’–નવા શિક્ષકનું તાવીજ.

અહીં હું ૧૨ મુદ્દા રજૂ કરું છું. પ્રત્યેકનું મિતવ્યયી સ્પષ્ટીકરણ રજૂ કરીશ. સુજ્ઞેષુ કિમ્ બહુના !

૧. શિક્ષક–વિદ્યાર્થી એકબીજાને વ્યક્તિ તરીકે જુએ, ભૂમિકા તરીકે નહીં. અર્થાત્ શિક્ષક સરકસનો રિંગમાસ્ટર અને વિદ્યાર્થી ખેલ કરનાર વાંદરો નથી; બંને પ્રથમતઃ મનુષ્યો છે. બંને પોતાનાં વિચારો, ભાવનાઓ અને કાળજી પ્રગટ કરે તથા એકબીજા પાસેથી શીખતા રહે, તો જ ધંધાર્થી/નોકરિયાતનું નહીં પણ મનુષ્યનું નિર્માણ શક્ય બને.

૨. સફળ અધ્યયનના ચાવીરૂપ નિર્ણાયક તરીકે વિદ્યાર્થીની સ્વ–સંકલ્પનાને અગ્રતા આપો. અર્થાત્ વિદ્યાર્થી પોતાના વિશે જે ધારણાઓ સેવે છે અથવા મા–બાપ, સમાજ દ્વારા જે લેબલ આપવામાં આવે છે તેને સોઈઝાટકીને સાફ કરે, પોતાની સંભાવનાઓ જુએ તો જ તેને સાકર કરી શકે.

૩. અધ્યયનના સંદર્ભ તરીકે વિદ્યાર્થીના પૂર્વજ્ઞાન અને આંતરિક અનુભવોનો ઉપયોગ. અર્થાત્ વિદ્યાર્થી પાઠ્યવસ્તુને નરી માહિતી તરીકે નહીં પરંતુ પોતાના પૂર્વજ્ઞાન અને પર્યાવરણના સંદર્ભમાં લે.

૪. અધ્યયન એક પ્રક્રિયા અને યાત્રા છે. શિક્ષક તેમાનો વરિષ્ઠ અધ્યેતા છે. શિક્ષણ એ અધ્યયન પ્રક્રિયાનું પરિણામ છે.

૫. ક્રિયાત્મક તેમજ ભાવાત્મક પાસાંઓને અગ્રતા આપો.

૬. ‘કેવી રીતે શીખવું’ તેના પર સૌથી વધુ ભાર. અધિબોધન (metaconition) કાર્યરત કરવું. અર્થાત્ ‘શીખવા માટે હું શું શું કરી શકું છું તે વિદ્યાર્થી શોધી કાઢે ને તેનો ઉપયોગ કરીને શીખતાં શીખે.

૭. વિવિધ સામર્થ્ય–સિદ્ધિની કક્ષા તેમજ અલગ અલગ વયના વિદ્યાર્થીઓને એક જૂથમાં મૂકવા. અર્થાત્ જેમ શંભુમેળો મોટો તેમ શીખવાની તકો વધારે.

૮. વિદ્યાર્થીઓને સહકારી આંતરક્રિયા અને બહુવિધ અધ્યયન અનુભવો પૂરા પાડવા. અર્થાત્ જૂથકાર્ય અને પ્રોજેક્ટકાર્ય જેવી પ્રવિધિનો ઉપયોગ કરવો.

૯. વિદ્યાર્થીની શક્તિઓને પડકાર, લઘુત્તમ શિક્ષક સહાય, સર્જનશીલતાને પ્રોત્સાહન, પ્રયત્ન–ભૂલ દ્વારા અધ્યયન. અર્થાત્ માનવજીવન ઉત્ક્રાંતિનાં કારકોનો ઉપયોગ.

૧૦. વર્ગમાં મૈત્રીપૂર્ણ હળવાશ અને મોકળાશ. ભયમુક્ત, બચાવમુક્ત વાતાવરણ, અર્થાત્ વર્ગમાં એવી ઈકોલોજી પ્રવર્તે કે બધા મનુષ્ય અનૌપચારિક સંબંધ અને પસંદગીનો અનુભવ કરી શકે.

૧૧. શાળા સાથે ટૂંકા સમયનું આંશિક જોડાણ. અર્થાત્ હવે જીવનનાં મહત્ત્વનાં ૧૫/૧૭ વર્ષ નિશાળની દીવાલોમાં જાય તે યોગ્ય અને જરૂરી નથી. આગાહી તો માત્ર ૧૦ વર્ષના ઔપચારિક શિક્ષણની અથવા તો પ્રારંભના ૩ થી ૮ વર્ષ અને પછી ૨૦ થી ૨૫મા વર્ષ સુધી જીવન જીવવા માટેના શિક્ષણના વિકલ્પોની છે.

૧૨. અધ્યયન પર ચિંતન દ્વારા અધિક કાર્યદક્ષ અધ્યયનનું નિર્માણ કરતા રહેવું અને તે રીતે આજીવન અધ્યેતા રહેવું. અર્થાત્ શીખવું એટલે વિષય વસ્તુઓ નહીં, પરંતુ પ્રક્રિયા કરવાની તરેહે, ચિંતાનાત્મક વિચારણા અને આનંદપૂર્ણ જીવનયાપન માટેની સાતત્યપૂર્ણ તૈયારી કરવી.

શિક્ષણ–વિમર્શ અર્થે આટલું પાથેય લાંબા અંતર સુધી ચાલી શકશે. અંતતઃ 'અપ્પ દીપો ભવ' – એ પડકાર અને વરદાન બંને છ તેવું ગુંજન સૌની ભીતરમાં અનુનાદ કરતું રહો !

**સાભાર : કેળવણી વિમર્શ, વર્ષ-૬, અંક-૧માંથી.**

## આઝાદીના અમૃત-બિંદુઓ

- કરો યા મરો – ભારત છોડો – ગાંધીજી
- તુમ મુજેખૂન દો, મેં તુમ્હેં આઝાદી દૂંગા – સુભાષચંદ્ર બોઝ
- આરામ હરામ હૈ – જવાહરલાલ નહેરુ
- કર મત દો – સરદાર વલ્લભભાઈ પટેલ
- ઈન્કલાબ ઝીંદાબાદ – ભગતસિંહ
- સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે. – બાલ ગંગાધર તિલક
- વેદો તરફ પાછા વળો – દયાનંદ સરસ્વતી
- સરફરોશીકી તમન્ના અબ હમારે દિલ મેં હૈ – રામ પ્રસાદ બિસ્મિલ
- સાયમન કમિશન ગો બેક – લાલા લજપતરાય
- સારે જહાઁ સે અચ્છા હિન્દુસ્તા હમારા – મોહમદ ઈકબાલ
- વંદે માતરમ્ – બંકીમચંદ્ર ચેટરજી
- જય જવાન, જય કિસાન – લાલ બહાદુર શાસ્ત્રી
- જય જગત – વિનોબા ભાવે
- મારો ફિરંગી – મંગલ પાંડે
- સંપૂર્ણ ક્રાંતિ – જય પ્રકાશ નારાયણ
- હિન્દી – હિન્દુ – હિન્દોસ્તાન – ભારતેન્દુ હરિશ્ચંદ્ર

# આ ભી જા, આ ભી જા, એ સુબાહ આભી જા...

**- સંજ્ઞા આચાર્ય**

જેમ એક માતા પાસેથી તેનું બાળક થોડા સમય માટે ક્યાંક જાય તો માતા અને બાળક બેયને અહાંગળો લાગે, ખરૂં ને! માણસજાતનો આ સ્વભાવ હમણાંથી નિશાળને પણ લાગુપડ્યો છે. એને એનાં બાળકોનો અહાંગળો લાગ્યો છે. આપણને ચાહનારી માનનારી જાણનારી વ્યક્તિ વગર જેમ ન રહી શકાય તેમ હમણાંથી નિશાળનું મકાન વિદ્યાર્થીઓ વગર ઉદાસ દેખાતું હોય છે. જેમ ચેતન વગરનું શરીર હોય એમ બાળકો વગરની શાળા અનુભવાય છે.

સમય ૧૦:૪૦નો હોય તોય નવ–સાડા નવ આસપાસ કેટલીક સેવાની ભાવનાથી મકાનની સારસંભાળ માટે તૈયાર ઊભી હોય, કેટલીક છૂપી નેતૃત્વશક્તિ મોનીટર કે મંત્રી બનીને દરેક કામનું ફોલોઅપ લેતી હોય, કેટલીક સ્પર્ધાત્મક વૃત્તિઓ પહેલા હું જ બેસું એમ વિચારી પ્રાર્થનાખંડમાં પહોંચી ગઇ હોય, કેટલાક શાંત રસ હજીય ખાટલામાં આળસ મરડતા હોય, કેટલાક ઉતાવળે દફતર ફટાફટ પેક કરવામાં મશગૂલ હોય, તો કેટલીક અક્કલ વગરની નકલ ઝાડ નીચે બેઠી બેઠી ઉતારા કરતી હોય. કેટલીક લાગણીઓ સાહેબ કે બેનના આવવાથી દરવાજો ખોલવા કે પાકીટ, ટિફિનનો થેલો ઉપાડી લેવા મથતી હોય... હવે, કહો કે આ સ્કૂલનું મકાન આવી લીલીવાડી જોઇને જીવતી હોય ને અચાનક શાંતિ છવાઇ જાય તો દૂબળી પડી જ જાય ને!

પ્રાર્થનાસભા ચાલુ થાય ને એ...ય મજાના ઢોલકા, ખંજરી, તાળીઓ અને થોડા છાનામાના થયેલા ઘોંઘાટનું સંગીત શરૂ. એકાદ–બે અડધી ખૂલેલી આંખ ક્યા સાહેબ શું વાત કરે છે એ જોઇ લે, ભજન કે ધૂનમાં એકાદ શબ્દ ખોટો હોય તો એ વિશે શિક્ષકોનું પંડિત્ય ઝળકે અને પૂરા સમ્માન સાથે એને સમજવા માંગતા વિદ્યાર્થીઓની આ નિશાળ સાક્ષી હોય. આધારકાર્ડ વગરના જાણે નિરાધાર હોય એવું લાગે, ખાતા વગરના બાળકો જાણે ખાતાંપીતાં ન હોય એવી નબળાઇ અનુભવતા હોય. ક્યારેક કોઇક શિક્ષક મોજમાં હોય તો એકાદ ગીત લલકારી દે અને બધાં જાનમાં જતાં હોય એમ નાચીય લે. છેલ્લે રાષ્ટ્રગીત માટે સજ્જ થવાનું હોય. નિશાળનું મકાન

પણ રાષ્ટ્રનું માન તો રાખે જ પણ કોણ કોણ આંખ વાંકીચૂકી કરે છે, કોણ ઢીચણ ખંજવાળે છે, કોણ ખોટી ઉધરસ ખાય છે એ પણ જોતું હશે ?

વર્ગમાં હાજરી પૂરાતી હોય ત્યારે આ નિશાળ એમ કહેતી હશે કે હું પણ હાજર છું ત્યારે એ સંભળાતું નહોતું કારણ કે ભૂલકાઓ હાજર હતાં, અત્યારે ફક્ત નિશાળ જ હાજર છે. કલબલાટ કે કોલાહલ વગરની શાંત ભીંતો જ હાજર છે. એમનું ઘરકામ લાઈનબદ્ધ તપાસવામાં આવે કોઈકના વખાણ થાય તો કોઈકને વઢ પણ પડતી હશે. ક્યારેક કોઈને વર્ગની બહાર ઊભા કરે ત્યારે એ કુમળો છોડ દીવાલનો જ આધાર લે ને રીસેસ પાડે. જેમ પોતાને તૈયાર થવાનું મન થાય એમ સ્કૂલને પણ સુશોભન ગમતું હશે, થોડીક શણગારીએ કે લાગે નવોઢા જેવી. એમાં સૌંદર્ય ખોળામાં રમતી નિર્દોષતાનું હશે કે એમાં વહેંચાતા જ્ઞાનનું ?

એ સાક્ષી હોય આવડી ગયાના આનંદની, કેટલાક ડોકાચિયાની, કેટલાક જોઈને કરેલા લેસનની, જવું પડે એમ ન હોય તોય બાથરૂમ માટે લીધેલી રજાની, દોડાદોડ નિશાળે પહોંચેલા શિક્ષકોના ડરની મિત્રોની મજાકની, નિશાળ સાક્ષી હોય એના ખોળામાં વવાતી વેલ કે છોડ માટે થયેલી માવજતની, એને ખબર હોય કે બાળકો પણ એને મિસ કરતાં હશે, એની પાસે આવવા માંગતા હશે, એના પટાંગણમાં કિકિયારીઓ કરવા માટે ભૂલકાઓ તત્પર છે.

કોમામાં ગયેલ શરીરની જેમ ચેતન વગરની શાળા દરેક વિદ્યાર્થીઓનાં સંભારણાં એના પાલવમાં સાચવીને બેઠી છે. થોડો સમય વર્ગ શિક્ષણકાર્ય શરૂ થયું ત્યારે થોડું ભાન આવી ગયું હતું પણ અત્યારે પાછી એ ઊભી ઊભી બાળકોના આવવાના રસ્તા પર મીટ માંડીને બેઠી છે.

આ શાળા એટલે ફક્ત એનું મકાન જ નહીં, મોનાલીસાના ચિત્ર જેવા થઈ ગયેલા સ્કૂલના મેદાનના ફૂલછોડ, જાણે અરીસાની જેમ આપણો ચહેરો દેખાડતા બ્લેકબોર્ડ, દૂબળા પડી ગયેલા મધ્યાહ્ન ભોજનના રસોડા, સૂના પ્રાર્થનાખંડ અને અમે સૌ શિક્ષકોને વિદ્યાર્થીઓની ખોટ સાલે છે, ખોટ સાલે છે, ખોટ સાલે છે.

**- મુ. શિ. શ્રી રામગઢ પ્રાથમિક શાળા, તા.ધ્રાંગધ્રા.**

## જીલ્લાના સક્સેસ સ્ટોરીઝ ઓફ ધ સ્કૂલ્સની યાદી

જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા દરેક તાલુકામાંથી શ્રેષ્ઠ કામગીરી કરતી ત્રણ શાળા પસંદ કરી જીલ્લાની કુલ ૩૦ શાળાઓની પસંદગી કરવામાં આવી. આ ૩૦ શાળાના આચાર્યશ્રીઓ માટે મૂળી તાલુકાની ટીડાણા પ્રાથમિક શાળા અને થાન તાલુકાની સરોડી પ્રાથમિક શાળાની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું. તમામ આચાર્યશ્રીઓએ પોતાની શાળાની કામગીરીનું આદાનપ્રદાન કર્યું તેમજ વધુ શ્રેષ્ઠ દેખાવ કરવાનો સંકલ્પ લીધો. આચાર્યશ્રીઓ દ્વારા આ કાર્યક્રમને "SUPER 30" નામ આપવામાં આવ્યું. જીલ્લામાં શ્રેષ્ઠ કામગીરી કરતી શાળાઓની યાદી આ મુજબ છે.

| ક્રમ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|
| ૧ | લીંબડી | ભલગામડા પ્રા. શાળા |
| ૨ | લીંબડી | ઉંટડી–૨ પ્રા. શાળા |
| ૩ | લીંબડી | ધલવાણા પ્રા. શાળા |
| ૪ | ચુડા | મીણાપુર પ્રા. શાળા |
| ૫ | ચુડા | નવીમોરવાડ પ્રા. શાળા |
| ૬ | ચુડા | છત્રીયાળા પ્રા. શાળા |
| ૭ | વઢવાણ | ફૂલગ્રામ પ્રા. શાળા |
| ૮ | વઢવાણ | જોરાવરનગર –૭ પ્રા. શાળા |
| ૯ | વઢવાણ | ખોડુ કન્યાશાળા |
| ૧૦ | મુળી | ટીડાણા પ્રા. શાળા |
| ૧૧ | મુળી | કુંતલપુર પ્રા. શાળા |
| ૧૨ | મુળી | ટીકર (પર) પ્રા. શાળા |
| ૧૩ | લખતર | વરસાણી પ્રા. શાળા |
| ૧૪ | લખતર | લીલાપુર પ્રા. શાળા |
| ૧૫ | લખતર | ઓળક પ્રા. શાળા |

| ક્રમ | તાલુકો | શાળાનું નામ |
|---|---|---|
| ૧૬ | થાન | સરોડી પ્રા. શાળા |
| ૧૭ | થાન | નવાગામ (થા) પ્રા. શાળા |
| ૧૮ | થાન | થાન–૧૩ પ્રા. શાળા |
| ૧૯ | ચોટીલા | ગઢેચી પ્રા. શાળા |
| ૨૦ | ચોટીલા | જશાપર પ્રા. શાળા |
| ૨૧ | ચોટીલા | ઠાંગેશ્વર પ્રા. શાળા |
| ૨૨ | સાયલા | સામતપર પ્રા. શાળા |
| ૨૩ | સાયલા | શિરવાણીયા પ્રા. શાળા |
| ૨૪ | સાયલા | ઓવનગઢ પ્રા. શાળા |
| ૨૫ | પાટડી | કઠાડા પ્રા. શાળા |
| ૨૬ | પાટડી | અંબાળા પ્રા. શાળા |
| ૨૭ | પાટડી | પાનવા પ્રા. શાળા |
| ૨૮ | ધ્રાંગધ્રા | જસમતપુર પ્રા. શાળા |
| ૨૯ | ધ્રાંગધ્રા | પૃથુગઢ પ્રા. શાળા |
| ૩૦ | ધ્રાંગધ્રા | વીરેન્દ્રગઢ પ્રા. શાળા |

## સરોડી પ્રાથમિક શાળા, તા.થાનગઢ

**- કેતન ગદાણી**

**- મૂકેશ બદ્રેશિયા**

એને સપના જોયા હશે ૨૦ વર્ષ પછી પોતાનું પાલ્ય પોતા કરતાં વધારે તીવ્ર ગતિથી આગળ વધે, પોતાના વિચાર કરતાં વધારે સારા વિચારો કરી શકે, પોતાની તમામ કલ્પનાઓ સાથે એના સપનાઓને વાસ્તવિક સ્વરૂપ આપી શકે, જીવનમાં વર્ષોથી નિવાસ કરતી અજ્ઞાનની અંધારી રાતોમાં એ જ્ઞાનનો અરૂણોદય લઈ આવશે.... કેટલાય વાલીઓ પોતાના સંતાનોને શ્રેષ્ઠ ભવિષ્ય આપવા અવિરત પ્રયાસ કરી રહ્યા છે, કરતા રહ્યા છે... એક આખો વર્ગ કે જે શાળાએ જઈ શક્યો નથી અથવા તો પોતાની જવાબદારી પૂરી કરવામાં ભણી શક્યો નથી એવા અનેક અરમાનો મેં

મેદાનમાં રમતા જોયા છે સરોડી પ્રાથમિક શાળામાં...

દોડતા જોયા છે સરોડી પ્રાથમિક શાળાના મેદાનમાં...

નાચતા જોયા છે મે સરોડી પ્રાથમિક શાળાના પ્રાર્થના હોલમાં...

સામે સવાલો કરતાં સાંભળ્યા છે મે સરોડી પ્રાથમિક શાળાના વર્ગોમાં...

નાના નાના હાથથી છોડને પાણી પાતા જોયા છે સરોડી પ્રાથમિક શાળામાં...

એક બીજાની મદદ કરતા જોયા છે સરોડી પ્રાથમિક શાળાના વર્ગોમાં...

શિક્ષકો સાથે સંવાદ કરતાં સાંભળ્યા છે એકમેક સાથે ભળતા સરોડી પ્રાથમિક શાળામાં...



સરોડી પ્રાથમિક શાળા, આજથી પંદરેક વર્ષ પહેલા હું આવેલો આ સ્થળ પર, પથ્થરથી ભરેલા માર્ગ, આવવાનો રસ્તો ન જડે અને નોકરી કર્યા વગર ચાલે નહિ તેવો એ સમય... સુરેન્દ્રનગર જિલ્લો મારા માટે કર્મભૂમિ બનવા તૈયાર હતો અને મારે તેને સ્વીકાર્યા વગર છૂટકો ન હતો. સરોડી ગામ એટલે સુરેન્દ્રનગર જિલ્લાનું છેલ્લું ગામ. તાલુકા મથક થાનથી ૧૫ કિલોમીટર જેટલું થાય. ગામમાં ત્યારે ભણવા કે ભણાવવાની વાત બહુ મોટી હતી. ત્યારે જ ખબર પડી હતી કે ઈશ્વરે આપણને નિમિત્ત બનાવ્યા છે.

સરપંચ, SMCના અધ્યક્ષ તેમજ સભ્યો, ગ્રામજનો તથા સ્ટાફની સામુદાયિક ભાવનાથી આ સરોડી પ્રાથમિક શાળા થાન તાલુકાનું ઘરેણું બની છે. સરકારી પ્રાથમિક શાળા આવી પણ હોય તેનું જવલંત ઉદાહરણ સરોડી પ્રાથમિક શાળા છે તેની સિદ્ધિઓ ટૂંકમાં જોઈએ.

- શાળાની વિદ્યાર્થિની સંખ્યા ૨૫૩થી વધારીને ૪૪૫ સુધી લઈ ગયા.
- સાથે શાળામાં કુમાર જેટલી જ કન્યાનું નામાંકન.
- છેલ્લા ચાર વર્ષથી ગુણોત્સવમાં A-ગ્રેડ અને ભૌતિક સુવિધામાં A+ ગ્રેડ.
- શ્રેષ્ઠ એસએમસીનો એવૉર્ડ ૨૦૧૬–૧૭.
- તાલુકા પ્રથમ શાળા સ્વચ્છતા એવૉર્ડ માન. શ્રી મુખ્યમંત્રીના વરદ્ હસ્તે.
- શાળાની ઉમદા કામગીરી માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તરફથી પ્રશસ્તિપત્ર
- અમારી શાળામાંથી તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકના બંને એવૉર્ડ અમારી શાળામાં.
- જિલ્લા શ્રેષ્ઠ શિક્ષકનો એવૉર્ડ પણ અમારી શાળામાં.
- ગણિત–વિજ્ઞાન પ્રદર્શનમાં જિલ્લા લેવલ સુધી ભાગ લીધેલ છે.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજિત કરૂણા સારસ્વત ગ્રુપમાં કોડિયાને અજવાળેમાં અમારી શાળામાં શિક્ષકોનું સન્માન.
- તાલુકાના કોરોનાવોરીયર્સ તરીકે સન્માન પણ અમારી શાળામાં.
- ફક્ત શાળાના શિક્ષકો જ સફળ થયા તેમ નથી અમારી શાળાના કુલ ૧૮ વિદ્યાર્થીઓને પ્રતિભાશાળી પ્રમાણપત્રો જેમાં એક જ ધોરણના ૧૭ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવેલ છે.
- વેકેશનમાં દસ દિવસ વહેલા શાળા ખોલવી.
- જિલ્લામાં સૌથી વધારે વર્ચ્યુઅલ ક્લાસ લેનાર પણ અમારી જ શાળાના બહેન.
- NMMSની પરીક્ષામાં અમારા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે.

- ➢ નવોદયની પરીક્ષામાં દર વર્ષે અમારા વિદ્યાર્થીઓની ભાગીદારી.
- ➢ યોજનાનો લાભ અપાવવામાં પણ શાળાએ ધ્યાન રાખ્યું છે.
- ➢ એક વિદ્યાર્થીને સાપ કરડવાથી આકસ્મિક મોત થવાથી તેને સરકારશ્રીની વિદ્યાદીપ યોજના હેઠળ ૫૦૦૦૦ દિવસ–૨૮માં અપાવ્યા હતા.
- ➢ માં બાપ વગરના ૪ વિદ્યાર્થીઓને પાલક માતા યોજનાનો લાભ અપાવ્યો.
- ➢ જિલ્લા લેવલના ઈનોવેશનમાં ત્રણ ત્રણ વખત અમારી શાળાના શિક્ષકોએ ભાગ લીધેલ છે.
- ➢ ટોય ફેરમાં પણ તાલુકા અને જિલ્લા લેવલ સુધી અમારી શાળાના બહેનોએ ભાગ લીધેલ છે.
- ➢ વિદ્યાર્થીઓના વર્ચ્યુઅલ ટૂર ફેરનું આયોજન અને જેમાં GCERTના નિયામક સાહેબ જોષી સાહેબ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના આચાર્ય સાહેબ માનનીય ટૂંડિયા સાહેબ પણ જોડાયા હતા.
- ➢ જ્યાં એક પણ વૃક્ષ ન હતું ત્યાં આજે ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા વૃક્ષો અને છોડ.
- ➢ શાળાનો પોતાનો બ્લોગ અને શાળાની પોતાની યુ–ટ્યુબ ચેનલ.
- ➢ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેમજ સમગ્ર શિક્ષા અભિયાનની ચેનલમાં અમારા સ્ટાફના દિપ્તીબેન ગોહેલ દ્વારા પાઠ આપવામાં આવ્યા.
- ➢ કોરોનાની મહામારી વચ્ચે પણ અમારા સ્ટાફ દ્વારા એક પણ દિવસ શાળા બંધ રહી નથી અને આ સમયનો સદુપયોગ કરી અને શાળાને નવરંગી બનાવવામાં આવી છે.
- ➢ કોરોનાની મહામારીમાં સમગ્ર ગામમાં ૧૪થી ૧૫ વખત ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું અને જાતે માસ્ક સીવીને ૬૦૦થી ૭૦૦ જેટલા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું.
- ➢ શાળાના શિક્ષિકા બહેન દિપ્તીબેન ગોહિલને પણ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા ઉમદા કામગીરી માટે પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યું.

ખરેખર બાળકો વગર શાળા સુની જ લાગે છે. પણ સરકારે કહ્યું શાળા બંધ છે શિક્ષણ નહિ તેના અનુસંધાને અવિરત સમાજ શિક્ષણ કરવાનું કાર્ય પણ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ છે. સમાજ, ન્યુઝ, ટી.વી., વર્તમાનપત્રો, અધિકારી, પદાધિકારી તમામ આ શાળાના એક સ્વરે વખાણ કરી રહ્યા છે. દિપ્તીબેન દ્વારા માસિક ધર્મમમાં દીકરી તથા મહિલાએ ધ્યાનમાં રાખવા જેવી બાબતોનું પણ શિક્ષણ કરાવવામાં આવ્યું.

શાળાની મુલાકાત વિવિધ શાળાના શિક્ષકો કરી રહ્યા છે. તેના પુરાવા જે તે શાળાના શિક્ષકોએ પોતાની રીતે પોતાના માધ્યમોથી વિવિધ જગ્યાએ નોંધ કરી છે. હમણાં જ કર્ણાટકના એક શિક્ષક તાલીમ વર્ગમાં ગુજરાતની શાળાઓની કેસ સ્ટડીનો અભ્યાસ અને ગુજરાતની કેટલીક ૧૦ જેવી શાળાની વાત કોઈને પણ ખબર વગર શાળાના કાર્યોનો અભ્યાસ કર્યો.

શિક્ષણ વિભાગ દ્વારા પણ અમારી શાળાની નોંધ સતત લેવાઈ રહી છે. સતત કામ કરતો અમારો શિક્ષક પરિવાર સક્ષમ અને સતત પ્રવૃત્તિશીલ રહેલ છે. શાળાને સામાન્યથી અસામાન્ય બનાવવા સુધીની સફરમાં અમારા શિક્ષકો હિતેષભાઇ ઝાલરિયા કે જેઓના પ્રયત્નો અને ગણિત વિજ્ઞાન જેવા વિષયોને એટલે સરળ રીતે બાળકોને ભણાવ્યા કે બાળકો ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં જિલ્લા લેવલ સુધી પોતાની કૃતિ રજુ કરી શક્યા. હજુ પણ સંતોષ નથી તેઓ સતત આ દિશામાં આગળ વધી રહ્યા છે. શાળાના મોભી કહી શકાય એવા અમારા નટુદાદા અને લાભુબેનને કેમ ભૂલાય... સૌથી વધારે વય અને નિવૃત્તિનો સમય સામે હોવા છતાં પ્રજ્ઞા વર્ગમાં બાળકોનો ૧૦૦% વિકાસ થાય, તમામ બાળકો પોતાના લેવલનું શિક્ષણ મેળવે તેવા અવિરત પ્રયત્નો કરી રહ્યા છે. તેમની પાસેથી આવનાર બાળક ચોક્કસ સફળ જ રહે. તેઓ સતત અમારા બીજા શિક્ષકોનું કામ ઘટાડી રહે છે. જેને પણ શાળાની મૂલાકાત કરી ભાષા વર્ગના વખાણ ચોક્કસ કરે જ કરે, કારણ વિદ્યાર્થીઓને ભાષા શીખવવી સૌથી મુશ્કેલ કાર્ય છે અને આ કાર્ય શાળાના શિક્ષિકા શ્રી તરલાબેન સરવૈયા કરતા રહે છે. અન્ય શિક્ષિકા શ્રી પ્રિયાબેન મકવાણા સતત ખંત અને ઉત્સાહથી સામાજિક વિજ્ઞાન વિષયમાં વિદ્યાર્થીઓને આગળ વધારી રહ્યા છે. સાથે સરકાર દ્વારા આયોજિત ટોયફેરમાં પણ તેઓ વિવિધ શૈક્ષણિક રમકડાનું નિર્માણ કરે છે. શાળામાં શિક્ષકોની ઘટ છે પણ અમારા જાગૃતિબેન ભાષા શિક્ષક હોવાથી સાથે બીજા અન્ય વર્ગની જવાબદારી હસતા ચહેરે ઉપાડીને બાળકોને ભવિષ્ય માટે કાર્યરત રહે છે. સૌથી મોટી વાત છે કે ગામના યુવાનશ્રી કાનજીભાઈ અને ગામની દીકરી કોમલબેન છેલ્લા ઘણાં વર્ષથી શાળામાં એક શિક્ષક સમાન કાર્ય કરી શાળાને આગળ વધારવા પોતાનું યોગદાન આપી રહ્યા છે. ધન્ય છે આ ધરાને કે જેને આવા યુવાનો આપ્યા.

આજે તમે સરોડી પ્રાથમિક શાળામાં જાઓ તો કોઈ ઉપવનમાં પ્રવેશતા હોય એવું લાગે. ફુલો તમને સુગંધથી પ્રફુલ્લિત બનાવે, શાળાના વાતાવરણની તાજગી અને ઉર્જા તમને ઉમંગ અને ઉત્સાહથી ભરી દે.

**- મુ. શિ. સરોડી પ્રાથ શાળા,**

**- મુ . શિ. શાળા નં.૧૭, સુરેન્દ્રનગર.**

## પુસ્તક પરિચય : વાર્તાનું શાસ્ત્ર

**- નીતિન પંચાલ**

ગુજરાતની ધન્ય ધરા ઉપર શ્રી ગિજુભાઈ બધેકાનું અસીમ ઋણછે. અગાઉ શિક્ષણ પ્રણાલીમાં 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રમઝમ'નો નાદ ગુંજતોહતો. શિક્ષણમાં જાણે કે હિંસકભાવ તરવરતો હતો. તેને પારખીને અને બાળકને પ્રેમ, સ્નેહવશ, રસપૂર્વક અને સંવેદનશીલતા સાથે ભણાવાય તે માટેનો અથાગ પરિશ્રમ ગિજુભાઈએ કર્યો, ખૂબ વાંચન, ચિંતન અને અમલીકરણ બાદ ભણતરની ઉત્તમ તરાહો તેમણે તારવી આપી. આજે જ્યારે શિક્ષણ પ્રક્રિયામાં ધરમૂળથી ફેરફાર થયા છે, ક્રાંતિકારી પરિવર્તન આવ્યા છે ત્યારે પણ ગિજુભાઈના વિચારો એટલા જ પ્રસ્તુત છે. હમણાં જ રજુ થયેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ ગીજુભાઈ બધેકાના કેટલાક વિચારોનું પ્રતિબિંબ જોવા મળે છે.

વાર્તાની વાત હોય અને તેના માટે બીજા અનેક પુસ્તકો કરતા વધુ સઘન વિચારો ગિજુભાઈના આ પુસ્તક દ્વારા પ્રાપ્ત થાય છે. ૯૫ વર્ષ અગાઉ લખાયેલ આ પુસ્તક આજે એટલું જ મૌલિક અને પ્રસ્તુત છે અને આજની પેઢીના અનેક શિક્ષક મિત્રો આ જ્ઞાન સાગરમાંથી મોતી વીણીને સમૃદ્ધ બને તેમ છે.

બે ખંડમાં વહેંચાઈ પુસ્તકના પ્રથમ ખંડમાં વાર્તા કથનનો ઉદ્દેશ, વાર્તાની પસંદગી, વાર્તાઓનો ક્રમ, વાર્તાઓને કહેવા યોગ્ય કેમ બનાવવી?, વાર્તા કેવી રીતે કહેવી? જેવી બાબતોને ખૂબ જ ઝીણવટપૂર્વક વણી લેવામાં આવી છે. જ્યારે આ બધા મુદ્દાઓની સ્પષ્ટતા શિક્ષક કે વાલી કેળવી લે ત્યાંથી ગિજુભાઈ અટકતા નથી. બીજા ખંડમાં વાર્તા કહેવાનો સમય વાર્તાનો વિશિષ્ટ ઉપયોગ વાર્તા અને નાટ્ય પ્રયોગ, વાર્તા કથન અને નીતિ શિક્ષણ, લોકવાર્તાનું કથન અને કલ્પનાશકિસ્ત, લોકવાર્તાનું સાહિત્ય, વાર્તા વિશે થોડું ચિંતન વગેરે જેવી નાની બાબતોને સુંદર ઉદાહરણો અને સ્વ અનુભવના નિચોડને આધારે ગિજુભાઈએ વર્ણવી છે.

આ પુસ્તક માત્ર શિક્ષકો માટે નહીં પરંતુ ગ્રંથકારો, ભાટ, ચારણો, સાહિત્યકારો એવા બધા જ ખૂબ સ્પષ્ટ શબ્દોમાં સમજી શકે તેવા સ્વરૂપે વાર્તાને વર્ણવા ઈચ્છતાં સૌ કોઈ માટે ઉપયોગી છે. વ્યક્તિ જ્યારે શિક્ષક થાય ત્યારે તેણે કેટલી દ્રષ્ટિએ વિચાર કરવો જોઈએ તેનો ખ્યાલ પ્રત્યેક શિક્ષકને આ પુસ્તકના વાચન દ્વારા પ્રાપ્ત થાય છે. 'વાર્તાનું શાસ્ત્ર' શિક્ષણશાસ્ત્રનું સાહિત્યનો કોહિનૂર છે એ બાબતમાં કોઈ અતિશયોક્તિ નથી જ.

**- મ. શિ. વડીયા પ્રા. શાળા**

## ઈનોવેશન અને ટોયઝ ફેરમાં જિલ્લા અને રાષ્ટ્ર કક્ષાએ પસંદગી પામેલ પ્રાથમિક-માધ્યમિક વિભાગના શિક્ષકોનું સન્માનઃ

### પ્રાથમિક વિભાગ

(૧) શ્રી નીતિનભાઈ પંચાલ
પ્રાથમિક શાળા - વડિયા,
તા.સાયલા

(૨) શ્રી મહેશભાઈ પટેલ
પ્રાથમિક શાળા - રાવરાણી,
તા.થાન

(૩) શ્રી હર્ષદભાઈ કાપડિયા
કુમાર પ્રાથમિક શાળા - જાંબુ,
તા.લીંબડી

### માધ્યમિક વિભાગ

(૧) શ્રી જયેશભાઈ પઢારિયા
સરકારી માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શાળા -
રાવળિયાવદર, તા.ધ્રાંગધ્રા

(૨) શ્રી સુરેશભાઈ ધોરિયા
શ્રી સી. ડી. કપાસી હાઈસ્કૂલ-
ચુડા.

### ટોયઝ ફેર (રાજય કક્ષાએ...)

(૧) દક્ષીણિ પુષ્પાબહેન
પ્રાથમિક શાળા, જોરાવરનગર-૭

(૨) જેતાવત મહિપાલસિંહ
સ્માર્ટ સ્કૂલ - ટીડાણા

(૩) જોશી સ્વાતિબહેન
પ્રાથમિક શાળા - ધામા,
તા.મુળી

### હોમલર્નીંગ એજયુકેશન અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર શિક્ષકોનું સન્માન

(૧) ડૉ. દિવ્યરાજસિંહ વિ. પરમાર
શ્રી આર. પી. પી. ગર્લ્સ
હાઈસ્કૂલ, સુરેન્દ્રનગર.

(૨) અલ્પેશભાઈ આર. પાંચાણી,
શ્રી આર. એ. પટેલ બોયઝ
હાઈસ્કૂલ, વઢવાણ.

(૩) વરદાબહેન પ્રતીકકુમાર રાવલ
શ્રી મોડેલ સ્કૂલ, લીંબડી

(૪) સેવક ભગવતીબહેન વિઠ્ઠલદાસ
શ્રી સરકારી ઉચ્ચ માધ્યમિક
શાળા, ખોડુ, તા.વઢવાણ.

(૫) ખ્યાતિબહેન જી. ભેસદડિયા
શ્રી આર. પી. પી. ગર્લ્સ
હાઈસ્કૂલ, સુરેન્દ્રનગર.

## શિક્ષક દંપતી સન્માન

(૧) શ્રીમતી વિધિબહેન દવે તથા ડૉ. દિગંત લલિતચંદ્ર દવે
(૨) શ્રીમતી ભવિષ્યબાળા નરોત્તમભાઈ પટેલ તથા
શ્રી અશ્વિનભાઈ ભગવાનભાઈ પટેલ
(૩) શ્રીમતી સ્મૃતિબહેન ગૌતમભાઈ વ્યાસ તથા
શ્રી ગાયત્રીપ્રસાદ રમેશચંદ્ર દેરાસરી
(૪) શ્રીમતી સોનલબહેન પરાલિા તથા શ્રી દિનેશભાઈ ભડાણિયા
(૫) શ્રીમતી મીનાક્ષીબહેન પટેલ પટેલ તથા શ્રી રમણીકભાઈ પટેલ
(૬) શ્રીમતી દેવ્યાનીબહેન આચાર્ય તથા શ્રી ભરતભાઈ નિમાવત
(૭) શ્રીમતી એપીબહેન પટેલ તથા શ્રી હિતેશભાઈ કનુભાઈ પટેલ
(૮) શ્રીમતી પુષ્પાબહેન દુલેરા તથા શ્રી જીવણભાઈ વાઘેલા
(૯) શ્રીમતી નયનાબહેન અમૃતલાલ પટેલ
તથા પ્રદીપભાઈ ઓધવજીભાઈ દલસાણિયા
(૧૦) શ્રીમતી જીજ્ઞાસાબહેન સારલા તથા શ્રી ઉદયભાઈ મકવાણા

## વયોવૃધ્ધ શિક્ષકોની ગુરૂવંદના

(૧) શ્રીમાન અમરદાસ પુરૂષોત્તમદાસ દુધરેજિયા, ચોટીલા
(૦૩.૦૯.૧૯૩૪ - ઉંમર ૮૮ વર્ષ)
(૨) પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડ નિવૃત્ત આચાર્ય, થાનગઢ (ઉંમર ૮૪ વર્ષ)
(૩) શ્રીમાન નાનજીભાઈ પી. સોલંકી, નિવૃત્ત કેળવણી નિરીક્ષક, વઢવાણ
(ઉંમર ૮૪ વર્ષ)
(૪) શ્રીમાન ભુદરભાઈ ઘેલાભાઈ પરમાર, ચુડા (ઉંમર ૮૨ વર્ષ)
(૫) શ્રીમાન ગાયત્રીપ્રસાદ રાવલ, નિવૃત્ત કેળવણી નિરીક્ષક, પાટડી
(૬) શ્રીમાન હર્ષદભાઈ શુકલ, નિવૃત્ત આચાર્ય, સાયલા
(૭) શ્રીમાન રવિશંકર અમૃતલાલ દવે, નિવૃત્ત શિક્ષક, લીંબડી
(૮) શ્રીમાન મહાદેવભાઈ પ્રભુભાઈ કુંડારિયા, ધ્રાંગધ્રા
(૯) શ્રીમાન જયંતીભાઈ લાલજીભાઈ પંચાલ, મુળી (ઉંમર ૬૫ વર્ષ)
(૧૦) શ્રીમાન મહાદેવભાઈ કુલજીભાઈ ભોજ (ઉંમર ૭૨ વર્ષ)

## માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી ધો.૬ થી ૮ના વર્ચ્યુઅલ ક્લાસ લેવા માટેનું સન્માનઃ

(૧) ડૉ. દીપકકુમાર મહેતા,
પ્રાથમિક શાળા - જેપર,
તા.ચુડા, જિ.સુરેન્દ્રનગર.

(૨) ચાવડા હિતેશકુમાર જે.,
પ્રાથમક શાળા નં.૧૨, થાનગઢ

(૩) જોશી નીલમબહેન પ્રાથમિક
શાળા - છતરિયાળા, તા.ચુડા

(૪) હિતેશભાઇ ડી. ઝાલરિયા
પ્રાથમિક શાળા - સરોડી,
તા.થાનગઢ

(૫) રાઠોડ હેતલબહેન પી.
પ્રાથમિક શાળા - ખેરડી-૧,
તા.ચોટીલા.

## માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી ધો.૩ થી ૫ના વર્ચ્યુઅલ ક્લાસ લેવા માટેનું સન્માનઃ

(૧) ગોહિલ દીપ્તિબહેન એમ.
પ્રાથમિક શાળા-સરોડી,
તા.થાન, જિ.સુરેન્દ્રનગર.

(૨) હેતલબહેન આર. ચિત્રા
પ્રાથમિક શાળા - પૃથુગઢ,
તા.ધ્રાંગધ્રા.

(૩) દિનેશભાઇ જી. ગોહિલ
પ્રાથમિક શાળા - પૃથુગઢ,
તા.ધ્રાંગધ્રા.

(૪) કેતનકુમાર ગદાણી
પ્રાથમિક શાળા - સરોડી,
તા.થાન.

(૫) લલિતાબહેન જી. મોડિયા
પ્રાથમિક શાળા-દેવપરા,
તા.લીંબડી.

## યુ-ટ્યુબ ચેનલના માધ્યમથી અધ્યાપનકાર્ય કરવા બદલ સન્માન

(૧) કિરણકુમાર મકાસણા
પ્રાથમિક શાળા -જસાપર, તા.ધ્રાંગધ્રા.

(૨) સંદીપભાઇ બી. ખોડીફાડ
પે-સેન્ટર શાળા - રેશમિયા, તા.ચોટીલા.

(૩) હર્ષદભાઇ એલ. કાપડિયા
કુમાર પ્રાથમિક શાળા - જાંબુ, તા.લીંબડી

(૪) ધનેશભાઇ શેઠ
પ્રાથમિક શાળા-વીરેન્દ્રગઢ, તા.ધ્રાંગધ્રા

(૫) મીરાબહેન પી. ચૌહાણ
કન્યા પ્રાથમિક શાળા-રાજપર, તા.વઢવાણ.

## વિશિષ્ટ શિક્ષક સન્માન

(૧) શ્રી મહિપાલસિંહ જેતાવત
સ્માર્ટ સ્કૂલ-ટીડાણા, તા.મુળી
રાષ્ટ્રીય શિક્ષક પારિતોષિક સન્માન પ્રાપ્ત કરતા.

(૨) ડૉ. દીપકકુમાર મહેતા
પ્રાથમિક શાળા - જેપર, તા.ચુડા
ઈન્ડિયન ટીચર્સ સાયન્સ્ટીટ ઇનોવેશન (એન.સી.ટી.એસ.એવૉર્ડ)માં સમગ્ર રાષ્ટ્રના જે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણકાર્ય કરતાં પાંચ શિક્ષકોની પસંદગી પામેલ છે તેવા ઇનોવેટિવ શિક્ષક સન્માન.

(૩) શ્રી જયેશભાઇ વણોલ
પ્રાથમિક શાળા - રસુલાબાદ, તા.પાટડી, જિ.સુરેન્દ્રનગર.
રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રદર્શનમાં કૃતિની પસંદગી થવા બદલ.

## નીચેના સૂત્રો તમને સફળ શિક્ષક બનવા દોરી જશે...

- વિદ્યાર્થીઓને ક્રિયાશીલ બનાવો.
- શાબ્દિક શિક્ષણની મર્યાદાઓ સમજી લો.
- જીવન, સમાજ, ઉદ્યોગ અને અન્ય વિષયો સાથે અનુબંધ કરો.
- વિદ્યાર્થીઓના અનુભવોનો લાભ લો.
- વિદ્યાર્થીઓને સામેથી પ્રશ્ન પૂછતા કરો.
- વર્તનલક્ષી લક્ષ્ય ઉદ્દેશો નક્કી કરો.
- વ્યાખ્યાન, કથન, સ્પષ્ટીકરણ દરમ્યાન બને તેટલી પ્રશ્નોત્તરીનો ઉપયોગ કરો.
- માહિતીલક્ષી વિષયમાં પાઠ્યપુસ્તકોનો ઉપયોગ નહીં કરતાં મોઢે શીખવો. સંદર્ભોના અવતરણો માટે પુસ્તકોનો ઉપયોગ થઇ શકે.
- શિક્ષણના સિદ્ધાંતનો ઉપયોગ કરો.
- શિક્ષણના સૂત્રોનો ઉપયોગ કરો.
- શિક્ષણની પદ્ધતિઓ, પ્રવૃત્તિઓ, પ્રયુક્તિઓનો ઉપયોગ કરો.
- શિક્ષણના વિવિધ માધ્યમોનો ઉપયોગ કરો.
- શીખવાના નિયમો સમજી લો.
- માત્ર માહિતી નહીં પૂરી પાડતા માહિતીનો ઉપયોગ કરવો પડે અને માહિતી અંગેના કૌશલ્યો પ્રાપ્ત થાય તેવા કાર્યક્રમો યોજો.
- પરિસ્થિતિ બદલીને પુનરાવર્તન કરો.
- પહેલાં આગમન કરો પછી નિગમન કરો.
- શીખવવાના ઉદ્દેશ્યો નક્કી કરો. (વર્તનલક્ષી ઉદ્દેશો)
- શીખવાના કેટલાક કૌશલ્યો હસ્તગત કરો.
- શીખનારનું મનોવૈજ્ઞાનિક માપન કરાવો.
- શીખવવામાં મનોરંજક પ્રવૃત્તિઓનો સમાવેશ કરો.
- તમારું શિક્ષણ શિક્ષક કેન્દ્રિય નહીં કરતા કાર્ય કેન્દ્રિય કે અધ્યેતા કેન્દ્રિય બનાવો.
- પરીક્ષા–કસોટી દરમ્યાન તમારા ઉદ્દેશ્યોને ચકાસવા માટેના પ્રશ્નો રચો.
- પરીક્ષા પ્રશ્નોમાં વૈવિધ્ય લાવો.
- તમારું પ્રશ્નપત્ર બ્લ્યુ–પ્રિન્ટ આધારિત બનાવો.

# તસવીરો...




















# કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી

જન્મ : ૨૧ જાન્યુઆરી-૧૮૨૦, વઢવાણ
અવસાન : ૨૫ માર્ચ-૧૮૯૮, અમદાવાદ.

જન્મ વતન સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં. પ્રાથમિક કેળવણી ત્યાંની ગામઠી શાળામાં. પિતા પાસે કુળ-પરંપરા પ્રમાણે વેદ શીખવાનો પ્રારંભ કર્યો, પરંતુ પિતાના ક્રોધી સ્વભાવને લીધે શીખી ન શક્યા. બાળપણથી કવિતા કરવાનો શોખ. ચોવીસ વર્ષની ઉંમરે અમદાવાદના સ્વામીનારાયણ મંદિરમાં સંસ્કૃતના વિશેષ અભ્યાસ માટે આવ્યા. તે દરમિયાન ભોળનાથ સારાભાઈ સાથે પરિચય થયો. ૧૮૪૮માં ભોળાનાથની ભલામણથી અમદાવાદના આસિસ્ટન્ટ જજ એલેક્ઝાંડર કિન્લૉક ફૉર્બસનું નિમંત્રણ મળ્યું એટલે વઢવાણથી અમદાવાદ આવ્યા અને ગુજરાતી ભાષા અને સાહિત્ય શીખવવા માટે ફૉર્બસના શિક્ષક બન્યા. ફૉર્બસની વિનંતિને માન આપી સારા પગારવાળી સરકારી નોકરી છોડી અમદાવાદ પાછા આવી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને 'બુદ્ધિપ્રકાશ' માસિકની જવાબદારી સંભાળી. ૧૮૫૮માં 'હોપ વાચનમાળા'ની પુસ્તિકાઓ તૈયાર કરવામાં સરકારને મદદ કરી. ૧૮૭૯માં આંખની વ્યાધિને લીધે વર્નાક્યુલર સોસાયટીમાંથી નિવૃત્તિ લીધી. અમદાવાદમાં અવસાન.

મૂખ્ય કૃતિઓ :

(૧) કવિતા - ફાર્બસ વિરહ, વેન ચરિત્ર, હુન્નર ખાનની ચઢાઇ
(૨) નિબંધ - ભૂત નિબંધ, જ્ઞાતિ નિબંધ
(૩) નાટક - મિથ્યાભિમાન, લક્ષ્મી
(૪) વ્રજભાષામાં - વ્રજ ચાતુરી,
(૫) વ્યાકરણ - દલપત પિંગળ

બુક–પોસ્ટ

To ______________________

______________________

______________________

રવાના :
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

મુદ્રક : ઝબ્મા એન્ટરપ્રાઇઝ, સુરેન્દ્રનગર. (કુલ પેજ-૨૪)